# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી — તા. ૧૩-૦૬-૨૦૨૨

- ગુજરાતમાં ભાજપને માત્ર ૭૦ બેઠક મળશે તેવા આંતરિક સર્વેથી ગભરાયેલ, બઘવાઈ ગયેલ ભાજપ કોંગ્રેસ પક્ષના નેતાઓ ઉપર પોલીસ બળનો ઉપયોગ કરી રહી છે
- કોંગ્રેસનો કાર્યકર એ લોકશાહીનો સિપાહી છે અને સંવિધાનનો રખેવાળ છે.
- કોંગ્રેસ પક્ષના આગેવાન - નેતા વિરૂદ્ધ સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરતી ભાજપ સરકારના હથકંડાઓથી કોંગ્રેસ પક્ષ ના ડરશે, ના ઝુકશે, ના દબાશે, તે ફક્ત સત્યના રસ્તે ચાલી ભાજપના તમામ પ્રયાસોને વિફળ કરશે
- ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં ઉમટેલા કાર્યકર - આગેવાન પર પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો, શ્રી જગદીશ ઠાકોર, શ્રી સુખરામ રાઠવા સહિત ધારાસભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ મોટી સંખ્યામાં અટકાયત.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વ આદરણીય રાહુલ ગાંધીજી પર ખોટા ઈડીના સમન્સના વિરોધમાં અમદાવાદ ખાતે આયોજીત વિરોધ પ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે ઉમટેલી જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપને માત્ર ૭૦ બેઠક મળશે તેવા આંતરિક સર્વેથી ગભરાયેલ, બઘવાઈ ગયેલ ભાજપ કોંગ્રેસ પક્ષના નેતાઓ ઉપર પોલીસ બળનો ઉપયોગ કરી રહી છે અને ડરનો માહોલ ઉભો કરવાનો પ્રયાસ કરી રહી છે. ખેડૂત આંદોલન ન કરે, બેરોજગાર આંદોલન ન કરે, મહિલાઓ આંદોલન ન કરે, કર્મચારીઓ પોતાના હક્ક અધિકાર માટે બહાર ન આવે તે માટે વારંવાર પોલીસ તંત્રનો દુરુપયોગ કરી ભાજપ જનતાનો અવાજ દબાવવાનો પ્રયાસ કરે છે પરંતુ કોંગ્રેસ મજબુતાઈથી જનતાનો અવાજ રજુ કરશે.સતત જનતાના અવાજ ઉઠાવતા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી રાહુલ ગાંધીજીના સત્યથી મોદી સરકાર ડરી ગઈ છે. સત્યને દબાવી શકાતુ નથી, ઝુકાવી શકાતુ નથી. ભાજપની કિન્નાખોરીની રાજનીતિથી લોકતંત્ર માટે ખતરો ઉભો થયો છે. શ્રી રાહુલ ગાંધીજી સામાન્ય - મધ્યમવર્ગ, શોષિત - વંચિત, ગરીબ, ખેડૂતો, દલિત સહિતના લોકોનો અવાજ મજબુતાઈથી ઉઠાવતા રહ્યાં છે. કોંગ્રેસનો કાર્યકર એ લોકશાહીનો સિપાહી છે અને સંવિધાનનો રખેવાળ છે. કોંગ્રેસ પક્ષના આગેવાન - નેતા વિરૂદ્ધ સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરતી ભાજપ સરકારના હથકંડાઓથી કોંગ્રેસ પક્ષ ના ડરશે, ના ઝુકશે, ના દબાશે, તે ફક્ત સત્યના રસ્તે ચાલી ભાજપના તમામ પ્રયાસોને વિફળ કરશે.

અમદાવાદ ખાતે આયોજીત વિરોધ પ્રદર્શનમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, નેશનલ હેરાલ્ડના નામે મોદી સરકાર કોંગ્રેસ નેતૃત્વ પર ખોટા કેસ કરવાની મોટી ભુલ કરી છે.

નેશનલ હેરાલ્ડ સ્વાતંત્ર સેનાનીઓનું અવાજ બન્યું હતું. નેશનલ હેરાલ્ડએ સ્વાતંત્ર સંગ્રામની ઓળખ પણ છે અને અવાજ પણ છે. જે આજે પણ દિલ્હીના શાસન પર બિરાજમાન સત્તાધિશો સામે મક્કમતાથી અવાજ ઉઠાવી રહ્યું છે. કોંગ્રેસ પક્ષના નેતૃત્વએ આઝાદીની લડાઈમાં મહત્વની ભૂમિકા ભજવતા નેશનલ હેરાલ્ડની નાણાંકીય કટોકટીના સમયે મહેનતુ પત્રકારોના પગાર, અખબાર ચલાવવા અને અન્ય કામગીરી માટે આર્થિક મદદ કરી હતી. ત્યારે દેશ પુછે છે કે, અંગ્રેજો સામે હિંદુસ્તાનીઓનો અવાજ બુલંદ કરનાર અખબારની સંસ્થાને નાણાંકીય મદદ કરવી શું ગુન્હો છે ? કોંગ્રેસ પક્ષ એ ગાંધી - સરદારની ઉત્તરાધિકારી છે. જે વિભાજનકારી એજન્ડા ધરાવતી ભાજપની બદલાની રાજનીતિ થી કદાપી ડરશે નહીં.

ઈડીના સમન્સના વિરોધમાં અમદાવાદ ખાતે આયોજીત વિરોધ પ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના  પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડા, શ્રી સિધ્ધાર્થ પટેલે, પૂર્વ વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણી, વિશાળ જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સીબીઆઈ, ઈડી સહિતની કેન્દ્રીય સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરી જનતાના અવાજને - વિપક્ષના અવાજને દબાવવાનો નિષ્ફળ - નિરર્થક પ્રયાસ ભાજપ સરકાર કરી રહી છે રાષ્ટ્રની ધરોહર એવી નેશનલ હેરાલ્ડની શરૂઆત પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, શ્રી પુરષોત્તમ ટંડન, આચાર્ય નરેન્દ્ર દેવ, શ્રી રફી મહંમદ કીડવાઈ જેવા મહાનુભાવોએ કરી હતી જેણે ભારત છોડો ચળવળમાં બ્રીટીશ શાસનને પડકાર્યો હતો. અંગ્રેજો દ્વારા નેશનલ હેરાલ્ડ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ ઘટનાને વખોડતા પુજ્ય મહાત્મા ગાંધીજીએ “રાષ્ટ્રીય ચળવળ માટેની કરૂણ ઘટના” તરીકે વર્ણવ્યું હતું. વર્તમાન સમયમાં સંપાદકીય ઉત્કૃષ્ટતા છતાં નેશનલ હેરાલ્ડ નાણાંકીય તંગી અનુભવી રહ્યું હતું. આ નાણાકીય કટોકટીમાંથી ઉગરવા માટે કોંગ્રેસ પક્ષે ૨૦૦૨ થી ૨૦૧૧ દરમ્યાન ૧૦૦ હપ્તે ૯૦ કરોડની રકમ નેશનલ હેરાલ્ડના કર્મચારીઓના પગાર, સ્વૈચ્છિક નિવૃત્તી, વિજળી બીલ, વેરો સહિતની ચૂકવણી માટે આપ્યા હતા. ભાજપ અને તેના મળતીયાઓ નેશનલ હેરાલ્ડને આપેલા ૯૦ કરોડની લોન આપવાની બાબતને ગુન્હો ગણાવે છે પરંતુ ભારતના ચૂંટણી પંચે આ બાબતમાં કોઈપણ પ્રકારનો ગુન્હાહિત વાત ન હોવાનું જણાવ્યું હતું. ભાજપ દ્વારા કરવામાં આવતા આક્ષેપો વાહિયાત અને બદઈરાદા પૂર્ણ છે. શ્રીમતિ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષના નેતૃત્વનો સ્પષ્ટ આશય એ હતો કે, ઐતિહાસીક વિરાસત ધરાવતું, આઝાદીની લડતમાં મહત્વની ભૂમિકા ભજવનાર “નેશનલ હેરાલ્ડ” નું જતન કરવામાં આવે. પક્ષના મુલ્યોનો તે પ્રસાર કરે છે. જે અમારા આદર્શો અને સિધ્ધાંતોને વાચા આપવાનું કામ કરે છે. આ સત્ય માટેની લડાઈ છે સત્યનો હંમેશા વિજય થાય છે અને આ વખતે પણ આદરણીય રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષનું નેતૃત્વ આ અગ્નિ પરીક્ષામાંથી વધારે ઉજ્જવળ બનીને બહાર આવશે.

સત્યાગ્રહ કાર્યક્રમનો સફળ સંચાલન ડૉ. જીતુભાઈ પટેલે કર્યું હતું. જેમાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, જીલ્લા - તાલુકાના પ્રમુખશ્રીઓ, ચૂંટાયેલા હોદ્દેદારશ્રીઓ, મહિલા કોંગ્રેસ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., સેવાદળ, તેમજ ફ્રન્ટલના હોદ્દેદારશ્રીઓએ ભાજપ - મોદી સરકારની કિન્નાખોરીની નિતી સામે સુત્રોચ્ચાર કર્યા હતા અને લાંબા સમય સુધી પોલીસ તંત્ર સામે સંઘર્ષ બાદ કાર્યકર્તા - આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી, પોલીસ તંત્ર દ્વારા બળપ્રયોગમાં કાર્યકર્તાઓને ઈજા પણ થઈ હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા